**સુરત મહાનગરપાલિકા**

**(Visit us at www.suratmunicipal.gov.in)**

# પુરક જાહેરાત (સુધારો)

**(નં.પી.આર.ઓ.૫૦/૨૦૧૯–૨૦૨૦, તા.૦૧/૦૬/૨૦૧૯)**

સુરત મહાનગરપાલિકા દ્વારા નં.પી.આર.ઓ.નં.૫૦/૨૦૧૯–૨૦૨૦, તા.૦૧/૦૬/૨૦૧૯ થી વિવિધ વિભાગોની નીચે દર્શાવ્યા મુજબની વિવિધ કેડરોની જગ્યાઓ માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

| અ.નં. | જગ્યાનું નામ |
|---|---|
| 1. | (૨૦૧) આસીસ્ટન્ટ ઈજનેર (સીવીલ) |
| 2. | (૨૦૩) આસીસ્ટન્ટ ઈજનેર (ઈલેકટ્રીકલ) |
| 3. | (૪૧૧) આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ |
| 4. | (૫૦૬) સુપરવાઈઝર (સીવીલ) |
| 5. | (૬૨૧) લેબોરેટરી ટેકનીશ્યન |
| 6. | (૭૧૩) ટેલીફોન ઓપરેટર |
| 7. | (૭૧૬) ઈલેકટ્રીકલ વાયરમેન |
| 8. | (૭૯૦) કલાર્ક કમ કમ્પાઉન્ડીંગ આસીસ્ટન્ટ |
| 9. | (૭૯૭) માર્શલ લીડર (પુરૂષ) |
| 10. | (૩૮૬) ત્રીજી શ્રેણી કલાર્ક (ઓડીટ) |

ઉકત અનુસંધાને જણાવવાનું કે, ઉપર જણાવેલ કેડરો માટે અગાઉ નં.પી.આર.ઓ. ૩૫૪ તા.૨૬/૦૮/૨૦૧૫, નં.પી.આર.ઓ.૬૦૧ તા.૦૯/૦૧/૨૦૧૮, નં.પી.આર.ઓ.૨૧૦ તા.૧૬/૦૭/૨૦૧૮ તથા નં.પી.આર.ઓ.૨૧૧ તા.૧૬/૦૭/૨૦૧૮ થી આપવામાં આવેલ જાહેરાતના અનુસંધાને કરેલ અરજીના ઉમેદવારોએ નીચે જણાવેલ સુચનાઓ ધ્યાનમાં લેવા વિનંતી.

૧. ઉપર જણાવેલ જાહેરાતમાં સામાન્ય કેટેગરી(બિનઅનામત)માં જે અરજદારોએ અગાઉ અરજી કરેલ છે અને આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામતનો લાભ મળવાપાત્ર છે તેવા ઉમેદવારોએ અગાઉ કરેલ અરજીની ડી.એફ.નંબર વાળી પહોંચની નકલ સાથે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમુનામાં આર્થિક રીતે નબળા વર્ગોનું પ્રમાણપત્રની ખરી નકલ સામેલ કરી EWS કેટેગરી હેઠળ સાદા કાગળ પર અરજી કરવાની રહેશે તથા અગાઉ અરજી કરેલ અન્ય કેટેગરીના ઉમેદવારો જો કોઈ વધુ પુરાવા રજુ કરવા ઈચ્છતા હોય તો ડી.એફ.નંબરની પહોંચ સાથે પ્રમાણિત ખરી નકલ સહિત સાદા કાગળ પર અરજી કરવાની રહેશે.

૨. **ઉપર જણાવેલ કેડરો માટે મુળ જાહેરાતમાં અરજી કરેલ સામાન્ય(બિનઅનામત) અને અનામત કેટેગરીના ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહી.** પરંતુ ઉપર જણાવેલ મુળ જાહેરાતમાં અરજી કરવાનું ચુકી ગયેલ છે તેવા જાહેરાતમાં જણાવ્યા મુજબની તમામ કેટેગરીના ઉમેદવારો નં.પી.આર.ઓ.૫૦/૨૦૧૯–૨૦૨૦ તા.૦૧/૦૬/૨૦૧૯ ની જાહેરાત અન્વયે અરજી કરી શકશે.

૩. ઉપલી વયમર્યાદા મુળ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ધ્યાનમાં લેવામાં આવશે. જયારે શૈક્ષણિક લાયકાત અને અનુભવ માટે સુધારેલ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ધ્યાને લેવામાં આવશે.

૪. જાહેરાત નં.પી.આર.ઓ.૫૦/૨૦૧૯–૨૦૨૦ તા.૦૧/૦૬/૨૦૧૯ માં જણાવેલ અન્ય સુચનાઓ યથાવત રહેશે.

સહી/–એમ.થેન્નારસન

**મ્યુનિ. કમિશ્નર,**

**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆર.ઓ./૫૧/૨૦૧૯–૨૦૨૦

તા. ૦૩/૦૬/૨૦૧૯.

સુરત મહાનગરપાલિકા

(Visit us at www.suratmunicipal.gov.in)

# જા હે રા ત

ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : પવસ–૧૦૨૦૧૯–૨૨૩–ગ–૪, તા.૦૭/૦૨/૨૦૧૯ ના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગો માટે સીધી ભરતીમાં ૧૦% અનામતની જોગવાઈ નિયત કરવામાં આવેલ હોય, તા.૧૪/૦૧/૨૦૧૯ અને તે પછી પ્રસિધ્ધ થતી સીધી ભરતીની તમામ જાહેરાતમાં તથા સીધી ભરતીની જે જાહેરાતો તા.૧૪/૦૧/૨૦૧૯ પહેલા પ્રસિધ્ધ થઈ ગયેલ છે અને અરજી કરવાની આખરી તારીખ પુર્ણ થયેલ છે અથવા તો પુર્ણ થયેલ નથી તેવા કિસ્સામાં જે ભરતી પ્રક્રિયામાં લેખિત પરીક્ષા, મૌખિક પરીક્ષા, કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટ અને પ્રિલિમનરી પરીક્ષા વગેરે જેવી કોઈ પણ તબકકા(સ્ટેજ) ની પ્રક્રિયા થઈ નથી અને માત્ર અરજીપત્રકો જ મંગાવવામાં આવેલ છે તેવી જાહેરાતોને પણ સદર ઠરાવનો અમલ કરવાનું ઠરાવવામાં આવેલ હોય, જેનો સુરત મહાનગરપાલિકા કક્ષાએ અમલીકરણ કરવાનો નિર્ણય લેવાયેલ છે. જેથી સુરત મહાનગરપાલિકાની નીચે દર્શાવેલ કેડરો પૈકીની ક્રમ નં.૪,૫,૬,૮,૧૨,૧૬,૧૭,૧૯,૨૨ અને ૨૩ ની અગાઉ જાહેરાત પ્રસિધ્ધ કરી અરજીઓ મંગાવવામાં આવેલ હતી. **જે ઉપરોકત કારણોસર દફતરે કરવામાં આવેલ છે.** જેથી આ કેડરો માટેના અગાઉ અરજી કરનાર ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે. નીચે દર્શાવેલ કેડરો માટે નિયત લાયકાત, અનુભવ ધરાવનાર ઈચ્છુક ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં **તા. ૨૧/૦૬/૨૦૧૯** સુધીમાં પહોંચે તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે. મુદત વિત્યા બાદ અત્રેની કચેરીને મળેલ અરજીઓ માન્ય ગણવામાં આવશે નહી.

**નોંધ :– સુરત મહાનગરપાલિકામાં નીચે દર્શાવેલ તમામ કેડરોની બનાવવામાં આવનાર પસંદગીયાદી / પ્રતિક્ષાયાદીની મુદત પ્રતિક્ષાયાદી પ્રસિધ્ધ થયાની તારીખથી ૨ વર્ષ સુધી અમલમાં રહેશે તથા આ કેડરોની સામે જણાવેલ હયાત ખાલી જગ્યાઓ ઉપરાંત આ તમામ કેડરોની ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીમાં તથા પસંદગીયાદી / પ્રતિક્ષાયાદીની મુદત પૂર્ણ થાય ત્યાં સુધીમાં ખાલી પડનાર / નવી ઉપસ્થિત થનાર જગ્યાઓ તથા તે સમયે પ્રવર્તમાન રોસ્ટરને ધ્યાને લઈ મેરીટયાદી તૈયાર કરી પસંદગીયાદી / પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.**

| (૧) | **(4) Dean** **(No of Post :1) (General-1)** |
|---|---|
| લાયકાત | The recognized post graduate medical qualifications and other academic qualification from a recognized institution with a minimum of 10 years teaching experience as professor/associate Professor /Reader in a Medical College, out of which at least 5 years should be as a Professor. |
| વયમર્યાદા | Not more than 58 years. |
| પગારધોરણ | Rs.18400-22400 (Pay Band 37400-67000, Grade Pay 10000)<br>(Pay Matrix 144200-218200) |

| (૨) | **(૧૭૯)ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર** (સંખ્યા : ૦૩)<br>(સા.શૈ.પ.વ.–૧, બિનઅનામત–૨) |
|---|---|
| લાયકાત | (૧)શૈક્ષણિક લાયકાત : માન્ય વિદ્યાપીઠના કેમેસ્ટ્રી અને ફીઝીકસ સાથે બી.એસ.સી. અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર ધ્વારા ચાલતો ડીવીઝનલ ઓફિસર્સ કોર્ષ પાસ કરેલો હોવો જોઈએ.<br>(૨)અનુભવ : ફાયર સેવાને લગતી કેડરમાં કામગીરીનો કુલ્લે ૧૦ વર્ષનો અનુભવ, જે પૈકી ડીવીઝનલ ઓફિસર્સ કોર્ષ પાસ કર્યા બાદ ત્રણ વર્ષનો ઓછામાં ઓછો અનુભવ.<br>(૩)શારીરિક યોગ્યતા : ઉંચાઈ : ૧૬૫ સેન્ટીમીટર<br>વજન : ૫૦ કિલોગ્રામ<br>છાતી : સામાન્ય ૮૧ સે.મી. અને ફુલાવેલી ૮૬ સે.મી.<br>(૪) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવતા હોવા જોઈએ. |
| વયમર્યાદા | ૪૮ વર્ષ થી વધુ નહીં. |
| પગારધોરણ | રૂા. ૮૦૦૦–૧૩૫૦૦(૧૫૬૦૦–૩૯૧૦૦, ગ્રેડ પે : ૫૪૦૦)(પે મેટ્રીકસ : ૫૬૧૦૦–૧૭૭૫૦૦) |

| | |
|---|---|
| (૩) | **(૧૮૬) ડેપ્યુટી ઈજનેર(સીવીલ)** (સંખ્યા : ૦૭)<br>(અ.જ.જા.–૧, સા.શૈ.પ.વ.–૨, બિનઅનામત–૨, બિનઅનામત(મહિલા)–૨) |
| લાયકાત | ઈજનેરી સીવીલ શાખાના સ્નાતક તથા તે પાસ કર્યા બાદ ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી/ કામગીરીનો અનુભવ હોવો જરૂરી.<br>અથવા<br>ઈજનેરી સીવીલ શાખાના ડીપ્લોમાં હોલ્ડર તથા તે પાસ કર્યા બાદ ઓછામાં ઓછી ૯ વર્ષની નોકરી/ કામગીરીનો અનુભવ હોવો જરૂરી. |
| વયમર્યાદા | ૪૫ વર્ષ થી વધુ નહીં. |
| પગારધોરણ | રૂા. ૮૦૦૦–૧૩૫૦૦(૧૫૬૦૦–૩૯૧૦૦, ગ્રેડ પે : ૫૪૦૦)(પે મેટ્રીકસ : ૫૬૧૦૦–૧૭૭૫૦૦) |

| | |
|---|---|
| (૪) | **(૨૦૧)આસીસ્ટન્ટ ઈજનેર (સીવીલ)** (સંખ્યા : ૬૬)<br>(અ.જા.–૬, અ.જા.(મહિલા)–૩, અ.જ.જા.–૫, અ.જ.જા.(મહિલા)–૨, સા.શૈ.પ.વ.–૧૦, સા.શૈ.પ.વ.(મહિલા)–૪, બિનઅનામત–૧૯, બિનઅનામત(મહિલા)–૯, આ.ન.વ.–૪, આ.ન.વ.(મહિલા)–૨, શા.ખો.ખા.–૨) |
| લાયકાત | ઈજનેરી સીવીલ શાખાના સ્નાતક. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | રૂા. ૮૦૦૦–૧૩૫૦૦(૧૫૬૦૦–૩૯૧૦૦, ગ્રેડ પે : ૫૪૦૦)(પે મેટ્રીકસ : ૫૬૧૦૦–૧૭૭૫૦૦) |

| | |
|---|---|
| (૫) | **(૨૦૩) આસીસ્ટન્ટ ઈજનેર (ઈલેકટ્રીકલ)** (સંખ્યા : ૦૬)<br>(અ.જા.–૧, અ.જ.જા.–૧, સા.શૈ.પ.વ.–૨, બિનઅનામત–૧, બિનઅનામત(મહિલા)–૧) |
| લાયકાત | બી.ઈ. ઈલેકટ્રીકલ અથવા બી.ઈ.(ઈલે. અને મીકે.) |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | રૂા. ૮૦૦૦–૧૩૫૦૦(૧૫૬૦૦–૩૯૧૦૦, ગ્રેડ પે : ૫૪૦૦)(પે મેટ્રીકસ : ૫૬૧૦૦–૧૭૭૫૦૦) |

| | |
|---|---|
| (૬) | **(૪૧૧)આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ** (સંખ્યા : ૦૫)<br>(સા.શૈ.પ.વ.–૨, બિનઅનામત–૨, બિનઅનામત(મહિલા)–૧) |
| લાયકાત | એડવાન્સ એકાઉન્ટીંગ અને ઓડીટીંગના મુખ્ય વિષય સાથે કોમર્સ ગ્રેજયુએટ અને ડીગ્રી મેળવ્યા બાદ બેંકીંગ અથવા એકાઉન્ટ અથવા ઓડીટીંગની સંસ્થાનો પાંચ વર્ષનો અનુભવ. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૧૦૦૦૦/– દ્રિતીય વર્ષે રૂા.૧૧૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૨૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થુ ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૬૫૦૦–૧૦૫૦૦, (પે બેન્ડ ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે : ૪૬૦૦)(પે મેટ્રીક્ષ : ૪૪૯૦૦–૧૪૨૪૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૭) | **(૪૫૪)ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર** (સંખ્યા : ૨૩)<br>(અ.જા.–૧, અ.જ.જા.–૨, સા.શૈ.પ.વ.–૪, સા.શૈ.પ.વ.(મહિલા)–૨, બિનઅનામત–૮, બિનઅનામત(મહિલા)–૪, આ.ન.વ–૨) |
| લાયકાત | કેન્દ્ર અથવા રાજય સરકારનાં કાયદા હેઠળ સ્થાપવામાં/ માન્યતા પ્રાપ્ત થયેલ હોય અથવા યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશન એકટ–૧૯૫૬ ની કલમ ૩ અનુસાર અન્ય શૈક્ષણિક સંસ્થા કે જેને ડીમ્ડ યુનિવર્સીટી તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ હોય તેવી યુનિવર્સીટીના કોઈપણ શાખાના સ્નાતક તથા કાયદાનાં સ્નાતક. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૧૦૦૦૦/– દ્રિતીય વર્ષે રૂા.૧૧૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૨૦૦૦/– પ્રતિ માસ તાલીમ ભથ્થુ ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. રૂા.૫૫૦૦–૯૦૦૦ (પે બેન્ડ : ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે : ૪૪૦૦) (પે મેટ્રીક્ષઃ ૩૯૯૦૦–૧૨૬૬૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૮) | **(૫૦૬)સુપરવાઈઝર(સીવીલ)** (સંખ્યા : ૯૭)<br>(અ.જા.–૭, અ.જા.(મહિલા)–૩, સા.શૈ.પ.વ.–૨૪, સા.શૈ.પ.વ.(મહિલા)–૧૧, બિનઅનામત–૨૪, બિનઅનામત(મહિલા)–૧૧, આ.ન.વ–૭, આ.ન.વ.(મહિલા)–૩, શા.ખો.ખા.–૫, શા.ખો.ખા.(મહિલા)–૨) |
| લાયકાત | ઈજનેરી સીવીલ શાખાના ડીપ્લોમાં હોલ્ડર તથા તે પાસ કર્યા બાદ ઓછામાં ઓછી બે વર્ષની નોકરી/ કામગીરીનો અનુભવ હોવો જરૂરી. |
| વયમર્યાદા | ૩૩ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૧૦૦૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૧૧૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૨૦૦૦/– પ્રતિ માસ તાલીમ ભથ્થુ ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. રૂા.૫૫૦૦–૯૦૦૦ (પે બેન્ડ : ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે : ૪૪૦૦) (પે મેટ્રીક્ષઃ ૩૯૯૦૦–૧૨૬૬૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૯) | **(૫૮૬) સબ ઓફીસર(ફાયર)** (સંખ્યા : ૧૬)<br>(અ.જ.જા.–૨, અ.જ.જા.(મહિલા)–૧, સા.શૈ.પ.વ.–૩, સા.શૈ.પ.વ.(મહિલા)–૧, બિનઅનામત–૬, બિનઅનામત(મહિલા)–૨, આ.ન.વ–૧) |
| લાયકાત | (૧) સરકાર માન્ય એસ.એસ.સી. અથવા સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન (ફીઝીકસ અને કેમેસ્ટ્રી)નાં વિષયો સાથે પાસ કરેલી હોવી જોઈએ અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર ધ્વારા ચાલતો સબ ઓફિસર કોર્ષ સફળતાપુર્વક પસાર કરેલો હોવો જોઈએ.<br>(૨) શારીરિક યોગ્યતા : ઉંચાઈ–૧૬૫ સે.મીટર, વજન–૫૦ કિલોગ્રામ, છાતી–સામાન્ય ૮૧ સે.મી. અને ફુલાવેલી ૮૬ સે.મી.<br>(૩) લાઈટ મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ ડ્રાઈવીંગ લાઈસન્સ. |
| અનુભવ | સબ ઓફિસરનો કોર્ષ સફળતાપુર્વક પસાર કર્યા પછી અથવા પહેલાં ફાયર સેવાને લગતી કેડરમાં કામગીરીનો ત્રણ વર્ષનો અનુભવ. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૯૫૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૧૦૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૧૫૦૦/– પ્રતિ માસ તાલીમ ભથ્થુ ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. રૂા.૫૦૦૦–૮૦૦૦ (પે બેન્ડ : ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે : ૪૨૦૦) (પે મેટ્રીક્ષઃ ૩૫૪૦૦–૧૧૨૪૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૦) | **(૫૩૬)સીનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર** (સંખ્યા : ૧૪)<br>(અ.જા.–૧,અ.જ.જા.–૩, બિનઅનામત–૯, આ.ન.વ–૧) |
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા/નેતાજી સુભાષ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ સંચાલિત સ્વીમીંગનો દશ માસનો રેગ્યુલર કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. પ્રાથમિક સારવાર આપવાની તાલીમ લીધી હોવી જોઈએ અને તે અંગે માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. રાજય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ તરણકળાની સ્પર્ધામાં ભાગ લીધો હોય તેને પ્રથમ પસંદગી અથવા સુરત મહાનગરપાલિકામાં લાઈફ સેવર/સ્વીમીંગ કોચ તરીકે માનદ વેતનથી ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારને અનુભવના આધારે પસંદગી આપવી. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૯૫૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૧૦૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા.૧૧૫૦૦/– પ્રતિ માસ તાલીમ ભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૪૫૦૦–૭૦૦૦, (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૨૮૦૦) (પે મેટ્રીક્ષ : ૨૯૨૦૦–૯૨૩૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૧) | **(૫૩૭)સીનીયર લેડી સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર** (સંખ્યા : ૦૨)<br>(સા.શૈ.પ.વ.–૧, બિનઅનામત–૧) |
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા/નેતાજી સુભાષ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ સંચાલિત સ્વીમીંગનો દશ માસનો રેગ્યુલર કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. પ્રાથમિક સારવાર આપવાની તાલીમ લીધી હોવી જોઈએ અને તે અંગે માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. રાજય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ તરણકળાની સ્પર્ધામાં ભાગ લીધો હોય તેને પ્રથમ પસંદગી અથવા સુરત મહાનગરપાલિકામાં લાઈફ સેવર/સ્વીમીંગ કોચ તરીકે માનદ વેતનથી ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારને અનુભવના આધારે પસંદગી આપવી. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૯૫૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૧૦૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા.૧૧૫૦૦/– પ્રતિ માસ તાલીમ ભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૪૫૦૦–૭૦૦૦, (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૨૮૦૦) (પે મેટ્રીક્ષ : ૨૯૨૦૦–૯૨૩૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૨) | **(૬૨૧) લેબોરેટરી ટેકનીશયન** (સંખ્યા : ૨૯)<br>(અ.જ.જા.–૮, અ.જ.જા.(મહિલા)–૩, સા.શૈ.પ.વ.–૪, સા.શૈ.પ.વ.(મહિલા)–૨, બિનઅનામત–૬, બિનઅનામત(મહિલા)–૩, આ.ન.વ–૨, શા.ખો.ખા.–૧) |
| લાયકાત | બી.એસ.સી.(કેમેસ્ટ્રી/માઈક્રોબાયોલોજી વિષય સાથે) અથવા એમ.એસ.સી. (ઓર્ગેનીકેમેસ્ટ્રી /માઈક્રોબાયોલોજી વિષય સાથે) પાસ. માન્ય સંસ્થામાં લેબોરેટરી ટેકનીશયન ટ્રેનીંગ કોર્ષ પાસ તેમજ ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનિક એક્રીડેશન ઓફ કોમ્પ્યુટર કોર્ષ (DOEACC) સોસાયટી અથવા તેને સમકક્ષ કોર્ષ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટ(CCC)લેવલનો કોમ્પ્યુટર કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૯૫૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૧૦૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા.૧૧૫૦૦/– પ્રતિ માસ તાલીમ ભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૪૫૦૦–૭૦૦૦, (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૨૮૦૦) (પે મેટ્રીક્ષ : ૨૯૨૦૦–૯૨૩૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૩) | **(૬૪૭)પ્લાનીંગ આસીસ્ટન્ટ** (સંખ્યા : ૧૧)<br>(અ.જ.જા.–૧, સા.શૈ.પ.વ.–૨, બિનઅનામત–૫, બિનઅનામત(મહિલા)–૨, આ.ન.વ.–૧) |
| લાયકાત | બી.ઈ.સીવીલ અથવા માન્ય વિદ્યાપીઠના સ્નાતક (બી.આર્ક.) આ લાયકાત ઉપરાંત ઉમેદવારે માન્ય વિદ્યાપીઠ કે સંસ્થાની સીટી પ્લાનીંગ રીજીયોનલ પ્લાનીંગ કે અર્બન ડીઝાઈનની પોસ્ટ ગ્રેજયુએટ ડીગ્રી અથવા ડીપ્લોમાં ધરાવનાર કે ટાઉન પ્લાનર સંસ્થાની પરીક્ષા પાસ કર્યા બાદ તેનું સભ્યપદ ધરાવેલ હોય તો તેને પ્રથમ પસંદગી. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૯૫૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૧૦૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા.૧૧૫૦૦/– પ્રતિ માસ તાલીમ ભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૪૫૦૦–૭૦૦૦, (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૨૮૦૦) (પે મેટ્રીક્ષ : ૨૯૨૦૦–૯૨૩૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૪) | **(૪૬૨)વાયરલેસ ઓફીસર** (સંખ્યા : ૦૧) (બિનઅનામત–૧) |
| લાયકાત | ડીપ્લોમા ઈન (ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન) |
| વયમર્યાદા | ૩૩ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૮૦૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૪૦૦૦–૬૦૦૦, (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૨૪૦૦) (પે મેટ્રીક્ષ : ૨૫૫૦૦–૮૧૧૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૫) | **(૬૯૩)હોર્ટીકલ્ચર સુપરવાઈઝર** (સંખ્યા : ૦૩)<br>(સા.શૈ.પ.વ.(મહિલા)–૧, બિનઅનામત–૨) |
| લાયકાત | બી.એસસી. હોર્ટીકલ્ચર / એગ્રીકલ્ચર(સેકન્ડ કલાસ) |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૮૦૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૪૦૦૦–૬૦૦૦, (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૨૪૦૦) (પે મેટ્રીક્ષ : ૨૫૫૦૦–૮૧૧૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૬) | **(૭૧૩) ટેલીફોન ઓપરેટર** (સંખ્યા : ૧૯)<br>(અ.જા.–૧, અ.જ.જા.–૩, અ.જ.જા.(મહિલા)–૧, સા.શૈ.પ.વ.–૪, સા.શૈ.પ.વ.(મહિલા)–૨, બિનઅનામત–૪, બિનઅનામત(મહિલા)–૨, આ.ન.વ–૧, શા.ખો.ખા.–૧) |
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક, મોટી કેપેસીટીવાળા ૨૦ લાઈનના પી.બી.એકસ બોર્ડના સંચાલનનો ઓછામાં આછો બે વર્ષનો અનુભવ. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૮૦૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. ૩૦૫૦–૪૫૯૦ (૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૯૦૦) (પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૭) | **(૭૧૬) ઈલેકટ્રીકલ વાયરમેન** (સંખ્યા : ૧૨૯)<br>(અ.જા.–૮, અ.જા.(મહિલા)–૩, અ.જ.જા.–૧૧, અ.જ.જા.(મહિલા)–૫, સા.શૈ.પ.વ.–૧૯, સા.શૈ.પ.વ.(મહિલા)–૯, બિનઅનામત–૪૦, બિનઅનામત(મહિલા)–૨૦, આ.ન.વ–૮, આ.ન.વ.(મહિલા)–૪, શા.ખો.ખા.–૨) |
| લાયકાત | આઈ.ટી.આઈ.ઈલેકટ્રીશયન અથવા સેકન્ડ કલાસ વાયરમેનની પરીક્ષા પાસ,<br>ઈલેકટ્રીકલ વાયરમેન તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ, કેબલ જોઈન્ટર તરીકેના હાઈ ટેન્શન /લો ટેન્શન સ્વીચ ગીયરનાં કામનાં જાણકાર તેમજ જગ્યાને અનુરૂપ વિશિષ્ટ પ્રકારની જાણકારી/ ઉચ્ચ લાયકાત કે વધુ અનુભવ ધરાવનારને અગ્રિમતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ૩૩ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૮૦૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. ૩૦૫૦–૪૫૯૦ (૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૯૦૦) (પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૮) | **(૭૧૮)હોર્ટીકલ્ચર આસીસ્ટન્ટ** (સંખ્યા : ૦૫)<br>(સા.શૈ.પ.વ.–૨, બિનઅનામત–૨, શા.ખો.ખા.–૧) |
| લાયકાત | સરકાર માન્ય ડીપ્લોમા ઈન હોર્ટીકલ્ચર/ એગ્રીકલ્ચર<br>બાગબગીચા / ઉદ્યાનોના વિકાસ અને નિભાવ કામગીરી કરવા અને કરાવવા બાબતનો ૨ વર્ષનો પ્રેકટીકલ અનુભવ.<br>અથવા<br>બી.એસસી.(હોર્ટીકલ્ચર / એગ્રીકલ્ચર / ફોરેસ્ટ્રી)/<br>બી.ટેક.(એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ) / બી.ટેક. (હોર્ટીકલ્ચર) |
| વયમર્યાદા | ૩૩ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૮૦૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. ૩૦૫૦–૪૫૯૦ (૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૯૦૦) (પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૧૯) | **(૭૯૦)કલાર્ક કમ કમ્પાઉન્ડીંગ આસીસ્ટન્ટ** (સંખ્યા : ૧૭)<br>(અ.જ.જા.–૪, અ.જ.જા.(મહિલા)–૨, સા.શૈ.પ.વ.–૪, સા.શૈ.પ.વ.(મહિલા)–૧, બિનઅનામત–૪, બિનઅનામત(મહિલા)–૧, આ.ન.વ–૧) |
| લાયકાત | બી.એસ.સી.(કેમેસ્ટ્રી) પાસ કર્યા બાદ બે વર્ષનો હોસ્પિટલ ડીસ્પેન્સરીમાં કમ્પાઉન્ડીંગનો અનુભવ.<br>અથવા<br>બી.ફાર્મ.<br>અથવા<br>ડી.ફાર્મ પાસ કર્યા બાદ બે વર્ષનાં અનુભવવાળા રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટ.<br>જગ્યાને અનુરૂપ વિશિષ્ટ ઉચ્ચ લાયકાત/ જાણકારી કે અનુભવ ધરાવનારને અગ્રિમતા આપવામાં આવશે. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૮૦૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. ૩૦૫૦–૪૫૯૦ (૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૯૦૦) (પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| (૨૦) | **(૮૩૧) જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર** (સંખ્યા : ૧૯)<br>(અ.જા.–૨, અ.જ.જા.–૫, બિનઅનામત–૧૧, આ.ન.વ–૧) |
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા /નેતાજી સુભાષ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ સંચાલિત સ્વીમીંગનો છ અઠવાડીયાનો સર્ટીફીકેટ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ તથા પાંચ વર્ષનો તરણકળાનો અનુભવ તથા પ્રાથમિક સારવાર આપવાની તાલીમ લીધી હોવી જોઈએ અને તે અંગે માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે, રાજય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ તરણકળાની સ્પર્ધામાં ભાગ લીધો હોય તેને પ્રથમ પસંદગી અથવા સુરત મહાનગરપાલિકામાં લાઈફ સેવર/સ્વીમીંગ કોચ તરીકે માનદ વેતનથી ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારને અનુભવના આધારે પસંદગી આપવી. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂા.૮૦૦૦/– દ્વિતીય વર્ષે રૂા.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. ૩૦૫૦–૪૫૯૦ (૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૯૦૦) (પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૨૧) | **(૮૩૨) જુનીયર લેડી સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર** (સંખ્યા : ૦૫)<br>(અ.જ.જા.–૧, બિનઅનામત–૪) |
|---|---|
| લાયકાત | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા /નેતાજી સુભાષ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ સંચાલિત સ્વીમીંગનો છ અઠવાડીયાનો સર્ટીફીકેટ કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ તથા પાંચ વર્ષનો તરણકળાનો અનુભવ તથા પ્રાથમિક સારવાર આપવાની તાલીમ લીધી હોવી જોઈએ અને તે અંગે માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે, રાજય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ તરણકળાની સ્પર્ધામાં ભાગ લીધો હોય તેને પ્રથમ પસંદગી અથવા સુરત મહાનગરપાલિકામાં લાઈફ સેવર/સ્વીમીંગ કોચ તરીકે માનદ વેતનથી ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારને અનુભવના આધારે પસંદગી આપવી. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂ.૮૦૦૦/– દ્વિતીય વર્ષે રૂ.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. ૩૦૫૦–૪૫૯૦ (૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૯૦૦) (પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| (૨૨) | **(૭૯૭) માર્શલ લીડર (પુરૂષ)** (સંખ્યા : ૪૫)<br>(અ.જા.–૩, અ.જ.જા.–૭, સા.શૈ.પ.વ.–૧૩, બિનઅનામત–૧૮, આ.ન.વ–૪) | | |
|---|---|---|---|
| શૈક્ષણિક લાયકાત | (૧) ધોરણ ૧૨ પાસ અને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ(AIILSG )સંચાલિત ફાયરમેનનો કોર્ષ સફળતાપૂર્વક પાસ કરેલ હોવો જોઈએ.<br>નોંધઃ–(૧) ગુજરાતી, હિન્દી ભાષા લખતા વાંચતા અને બોલતા આવડવું જરૂરી.<br>(૨) એન.સી.સી.ધ્વારા તાલીમ પામેલ અને સી સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારને પસંદગીમાં અગ્રિમતા આપવામાં આવશે. | | |
| શારીરિક લાયકાત | ઉંચાઈ | લઘુત્તમ | ૧૬૨ સે.મી.(એસ.ટી.ના પુરૂષ ઉમેદવારો માટે)<br>૧૬૫ સે.મી.(એસ.ટી. સિવાયના અન્ય પુરૂષ ઉમેદવારો માટે) |
| | છાતી | લઘુત્તમ | ૭૯ સે.મી. |
| | | છાતી ફુલાવીને | મીનીમમ ૫ સે.મી. ફુલવી જોઈએ |
| | વજન | લઘુત્તમ ૫૦ કી.ગ્રા. | |
| | તબીબી માપદંડ | ઉમેદવાર વાંકા ઢીંચણ ધરાવતા, સપાટ પગ ધરાવતા, ત્રાંસી આંખ ધરાવતા તેમજ બોલવામાં ક્ષતિ ધરાવતા ન હોવા જાઈએ. તેઓ માનસિક તથા શારિરીક રીતે કોઈપણ જાતની ક્ષતિ ધરાવતા ન હોવા જોઈએ.<br>(The candidate must note have knock-knee, flat feet, squint eyes and stammering. They must be in good mental and bodily health and free from physical defect.) | |
| | દ્રષ્ટિ | સામાન્ય ( ફકત ૬/૬) તેમજ કલર બ્લાઈન્ડનેશની બિમારી ધરાવતા ન હોવા જોઈએ. | |
| વયમર્યાદા | ૩૩ વર્ષથી વધુ નહીં. | | |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂ.૮૦૦૦/– દ્વિતીય વર્ષે રૂ.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા. ૩૦૫૦–૪૫૯૦ (૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૯૦૦) (પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. | | |

**શારિરીક ક્ષમતાની પરીક્ષાઃ**

| | |
|---|---|
| હોઝ પાઈપ સાથેની /વજન ઉચકીને ૧૦૦ મી.ની દોડ | ૨૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. |
| ૦૨ કી.મી.ની સામાન્ય દોડ | ૧૨ મીનીટમાં પુર્ણ કરવાની રહેશે. |
| રસ્સો પકડીને ઉપર ચઢવાનું | ૧૦ મીટર |
| રોપ લેડર પકડીને ઉપર ચઢવું | ૧૦ મીટર |
| તરણ ૧૦૦ મીટર | ૩ (ત્રણ) મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે. |

| | |
|---|---|
| (૨૩) | **(૩૮૬) ત્રીજી શ્રેણી કલાર્ક (ઓડીટ)** (સંખ્યા : ૩૨)<br>(અ.જા.–૨, અ.જ.જા.–૩, અ.જ.જા.(મહિલા)–૧, સા.શૈ.પ.વ.–૬, સા.શૈ.પ.વ.(મહિલા)–૨, બિનઅનામત–૧૦, બિનઅનામત(મહિલા)–૫, આ.ન.વ–૨, આ.ન.વ.(મહિલા)–૧) |
| લાયકાત | એડવાન્સ એકાઉન્ટીંગ અને ઓડીટીંગ અગર બેંકીંગના ખાસ વિષયો સાથે પાસ થયેલ માન્ય વિદ્યાપીઠના વાણિજય શાખાના સ્નાતક. |
| વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ નહીં. |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન સા.સ.ઠ.નં.૧૮૮/૨૦૧૭ તા.૨૯/૪/૧૭ અનુસાર પ્રથમ વર્ષે રૂ.૮૦૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૯૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૧૦૦૦૦/– પ્રતિ માસ તાલીમભથ્થું. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂ. ૩૦૫૦–૪૫૯૦ (૫૨૦૦–૨૦૨૦૦, ગ્રેડ પે : ૧૯૦૦) (પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦) થી નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે. |

| | |
|---|---|
| સૂચના :– | **ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સૂચના ધ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે, અધૂરી માહિતીવાળુ તેમજ છેકછાકવાળુ ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી રજુ કરેલ કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ ગ્રાહય રાખવામાં આવશે નહીં.** |

**નોંધ:–** (૧) ક્રમ નં.૧ માટે ખડી સમિતિને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. તેમજ ક્રમ નં.૨ થી ૨૩ માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી તથા તેના ધ્વારા નિયત કરવામાં આવેલ અર્થઘટન સમિતિ/ સ્ટાફ સિલેકશન કમિટી ધ્વારા જે તે જગ્યાની બેઝીક લાયકાત અને/અથવા અનુભવ ધ્યાને લઈ રીટર્ન ટેસ્ટ/ પ્રેકટીકલ ટેસ્ટ/ મૌખિક ઈન્ટરવ્યુ લેવા અંગેના માપદંડ નકકી કરાશે અને તે અંગેની જાણ માન્ય થયેલ અરજીના ઉમેદવારોને કોલલેટર દ્વારા જણાવવામાં આવશે.

(૨) ઉપરોકત જગ્યાઓ માટેના ઉમેદવારોએ નિયત કરવામાં આવે તે પરીક્ષા માટે જે જગ્યા સૂચવવામાં આવે તે જગ્યાએ સ્વખર્ચે પહોંચવાનું રહેશે. જે અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા કોઈ પણ પ્રકારનું ભથ્થું ચુકવવામાં આવશે નહી.

(૩) ઉંમર અને અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણતરીમાં લેવામાં આવશે. અનામત કેડરના ઉમેદવારો તથા મહિલા ઉમેદવારને પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. સુરત મહાનગરપાલિકામાં રેગ્યુલર પગારધોરણમાં ફરજ બજાવતા કર્મચારીઓને આ વયમર્યાદા લાગુ પડશે નહીં. સુરત મહાનગરપાલિકાના રેગ્યુલર પગારધોરણમાં ફરજ બજાવતા કર્મચારી સિવાયના ઉમેદવારોને ક્રમ નં.૩ થી ૨૩ માટે ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં. ક્રમ નં.૨ માટે ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે કોઈપણ સંજોગોમાં ૪૮ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

(૪) ક્રમ નં. ૧ થી ૫ ના ઉમેદવારે CCC+ તથા ક્રમ નં. ૬ થી ૨૩ ના ઉમેદવારે CCC પરીક્ષા માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૬૭/૨૦૦૮ તા. ૨૪–૦૩–૨૦૦૮ થી નિયત કર્યા મુજબની સંસ્થા ધ્વારા નિમણુંક થયેથી ૧(એક) વર્ષમાં પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય અથવા સુરત મહાનગર પાલિકા ધ્વારા આપવામાં આવેલ ટ્રેનીંગ લીધી હોય તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ–૧૦૨૦૦૫–૧૫૩૨– પાર્ટ–૩–ક, તા.૦૧/૦૪/૨૦૧૭ અનુસારની કોમ્પ્યુટર કક્ષાની વિવિધ લાયકાત ધરાવતા હોય તો તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પ્રમાણિત કરેલ પુરાવાઓ સામેલ કરવાના રહેશે.

(૧) ઉંમરના પુરાવા માટે જન્મનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા અપાયેલ પ્રમાણપત્ર.

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, ડીગ્રી સર્ટીફીકેટ, એટેમ્પ સર્ટીફીકેટ,રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ.

(૩) અનામત જાતિના ઉમેદવારે અરજી સાથે ઉમેદવારની જાતિ અંગેનું(અ.જા., અ.જ.જા., સા.શૈ.પ.વ, શા.ખો.ખા. તથા આ.ન.વ.(EWS) ) અંગેનું ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૪) ઉમેદવાર સા.શૈ.પછાત વર્ગના હોય તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું તા.૧–૪–૧૭ ના રોજ કે ત્યારપછી મેળવેલ હોય તેવું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અરજી સાથે આવુ પ્રમાણપત્ર જોડેલ ન હશે તો અનામત અંગેના કોઈપણ લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫) ઉમેદવાર જો વિકલાંગ હોય તો વિકલાંગતા અંગેનું સિવિલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) નિયત અનુભવનું પ્રમાણપત્ર.

(૭) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ન વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૮) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી જે કોઈ પરીક્ષા પાસ કરી હોય તો પરવાનગી હુકમની નકલ બીડવી.

(૯) EPIC કાર્ડ, પાન કાર્ડ તથા આધારકાર્ડની નકલ.

(૧૦) સુરત મહાનગરપાલિકાના તાલીમાર્થી તથા કાયમી / રેગ્યુલર કર્મચારીઓની અરજી છેવટની પગારસ્લીપની નકલ સાથે ખાતા મારફતે સંપુર્ણ ચકાસણી કર્યા બાદ ખાતાના વડાના અભિપ્રાય સહિત અરજી મોકલવાની રહેશે.

(૬) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ ધ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે. જયારે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગત મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગે મેળવવાની રહેશે.

(૭) આ જાહેરાત કોઈપણ કારણસર પુરેપુરી અથવા કોઈ કેડર માટેની અરજી રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૮) માર્કશીટ, ડીગ્રી સર્ટી. માં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

(૯) મહિલા ઉમેદવાર જો અરજી કરતા સમયે પરણિત હોય તો અરજી સાથે મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી અથવા ગર્વમેન્ટ ગેઝેટ રજુ કરી પોતાના પતિના નામ સાથે અરજી કરી શકશે, મહિલા ઉમેદવાર પરણિત હોય પરંતુ મેરેજ સર્ટી, ગર્વમેન્ટ ગેઝેટ રજુ ન કરી શકે તેવા ઉમેદવાર તથા અપરણિત મહિલા ઉમેદવારે પિતાના નામ સાથેની અરજી કરવાની રહેશે. મહિલા ઉમેદવારને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાને પાત્ર રહેશે.

(૧૦) મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જે તે કેટેગરીમાં જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૧૧) **અરજીપત્રકમાં આર્થિક રીતે નબળા વર્ગ દર્શાવવામાં આવેલ નથી તેવા સંજોગોમાં નિયત ફોર્મના ક્રમ નં.૧૧ માં ૭ નંબર આપી આ.ન.વ.(EWS) લખી ( ) કરી તેમાં ટીક માર્ક કરવાની રહેશે.**

(૧૨) આર્થિક રીતે નબળા વર્ગ માટે નિયત કરાયેલ જગ્યા આર્થિક રીતે નબળા વર્ગના યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ ન થવાના કારણે ભરી શકાય તેમ ન હોય તો આવી જગ્યા આગળ ખેંચવામાં આવશે નહી.

(૧૩) **પ્રેકટીકલ, લેખિત, શારિરીક ક્ષમતા, મૌખિક, પરીક્ષા અંગેનો કાર્યક્રમ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્ર ધ્વારા જણાવવામાં આવશે.**

(૧૪) નીચે દર્શાવેલ કારણોસર ઉમેદવાર(અરજદાર)ની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ થવાને પાત્ર રહેશે)

(૧) અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ)

(૨) અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો સમયગાળો બતાવેલ ન હોય.

(૩) અરજદારે અરજીપત્રકના કોલમ –૧૧ ની કેટેગરી પૈકી એકપણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એકથી વધુ કેટેગરી બતાવેલ હોય જેમ કે SC/ST બન્ને અથવા ST/SEBC કે SC/SEBC કે GEN/SC , GEN/ST કે GEN/EWS બતાવેલ હોય.

(૪) ઉપરોકત જગ્યાઓ માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયાસ બતાવેલ ન હોય

(૫) અરજદારે અરજીપત્રકના કોલમ નં.૧૦ માં જન્મતારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.

(૬) અરજદાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતા ન હોય.

(૭) અરજદાર અરજી સ્વીકારવાની છેવટની તારીખે જે તે કેટેગરી માટે જેમ કે સામાન્ય, SC, ST, PH, SEBC, EWS પુરૂષ/મહિલા ઉમેદવારો મહતમ મળવાપાત્ર ઉપલી વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૮) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય.

(૯) મહિલા ઉમેદવારે પતિના નામ સાથેની અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી કે ગર્વમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) અરજીમાં જણાવેલ તમામ વિગત માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવા સામેલ કરેલ ન હોય.

(૧૧) અરજીપત્રકમાં કેટેગરી કોલમ ૧૧(૩) માં સા.શૈ.પછાત વર્ગ તરીકે અરજી કરેલ હોય અને બિડાણ કાગળોના કોલમ–૧૧ માં ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ ન આપેલ હોય અધુરી દર્શાવેલ હોય અથવા ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૧–૪–૧૭ પહેલાનું રજુ કરેલ હોય તેવી ક્ષતિયુકત અને અધુરી અરજી હોય.

(૧૨) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી કોઈ પરીક્ષા પાસ કરી હોય અને પરવાનગી હુકમની નકલ સામેલ કરેલ ન હોય.

(૧૩) ઉપરોકત જગ્યાઓ માટેના ઉમેદવારી અરજી પત્રકો જાહેરાતમાં માંગ્યા મુજબની લાયકાત / વધુ ઉંમર / તેમજ અન્ય કારણોસર અરજી અમાન્ય (ઈનવેલીડ) થાય તો તેની જે તે ઉમેદવારને મૌખિક /લેખિત જાણ કરવામાં આવશે નહી.

(૧૫) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે કોઈ પણ સમયે / તબકકે તાકીદની અસરથી રદ કરવામાં આવશે.

ઉપરોકત જગ્યાઓ માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ સુરત મહાનગરપાલિકાના તમામ સીટી સીવીક સેન્ટરો (નાગરીક સુવિધા કેન્દ્ર) ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં ક્રમ નં.૧ થી ૫ માટે રૂા.૧૦૦/– અને ક્રમ નં.૬ થી ૨૩ માટે રૂા.૫૦/– ની કિંમતે મળશે.

ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) અરજીફોર્મ મેળવવા માટે બહારગામના ઉમેદવારે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા સુરત મહાનગરપાલિકાના રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત–૩૯૫ ૦૦૧ ને મળી રહે તે રીતે ટપાલથી માંગણી કરવાની રહેશે.

(૨) અરજીફોર્મ મેળવવા માટે જાહેરાતના ક્રમ નં.૧ થી ૫ માટે રૂા.૧૦૦/–નો અને ક્રમ નં.૬ થી ૨૩ માટે રૂા.૫૦/– નો "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી.ની સાઈઝના કવરમાં મોકલવાનો રહેશે.

(૩) અનુક્રમ નં.૨ માં જણાવ્યા મુજબનો પોસ્ટલ ઓર્ડર સાથે ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં પુરેપુરા નામ–સરનામા તથા મોબાઈલ નંબરની વિગતવાળું રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ એક ખાલી કવર પણ સામેલ કરવાનું રહેશે.

(૪) અનુક્રમ નં.૩ માં જણાવ્યા મુજબનું કવર સામેલ ન હશે તો જે તે ઉમેદવારને અરજીફોર્મ મોકલી શકાશે નહી. જેથી ઉમેદવારે પોસ્ટલ ઓર્ડર સાથે ઉપર જણાવ્યા મુજબની વિગતવાળું કવર ખાસ સામેલ કરવાનું રહેશે.

(૫) પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.

(૬) ટપાલથી અરજીફોર્મ મંગાવનાર ઉમેદવારને સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલા ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

**નોંધઃ–માસિક સાધારણ સભા ઠરાવ નં. ૧૩૦/૨૦૧૮ તા.૨૭/૦૪/૨૦૧૮ થી વર્ગ–૧ થી વર્ગ–૪ ના ફોર્મ ની કિંમત નિયત કરવામાં આવેલ હોવાથી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in > Downloads > Forms પર સમજુતી માટે ફોર્મ મુકવામાં આવેલ હોવાથી આ સાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ ફોર્મ માન્ય ગણાશે નહી અને આવા અરજી ફોર્મ રદબાતલ ગણાશે. જેની નોંધ લેવા વિનંતી.**

અરજી મોકલવાનું સરનામુ : – **ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

સહી/–
**મ્યુનિ. કમિશનર,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆર.ઓ./૫૦/૨૦૧૯–૨૦૨૦
તા. ૦૧/૦૬/૨૦૧૯.